Sorath Sudha : Refereed Journal
Vol. 1 Issue- 41
Issn : 2394 - 5648
April - 2018

Research Paper Sanskrit

# “અષ્ટાંગઆયુર્વેદ” સરળપરિચય

વિપુલકુમાર જે. જાદવ
Research Scholar (Ph.D)
Somanath sanskrit university, veraval

આયુર્વેદ એ આયુષ્ય માટેનું ચિકિત્સા વિજ્ઞાન છે. ચિકિત્સા એ વિજ્ઞાનની તે શાખા છે જે માનવ શરીરને સ્વસ્થ રાખવા, રોગ થયો હોય તો રોગ મુક્ત કરવા, અને તેના જીવનકાળમાં વધારો કરવા સાથે સંબંધિત છે.

આયુર્વેદ અથવા આયુર્વેદશાસ્ત્ર એ ભારતીય ચિકિત્સા પદ્ધતિ છે. આયુર્વેદ એટલે કે જે શાસ્ત્રમા આયુષ્ય અને રોગનું જ્ઞાન આપવામાં આવે એ આયુર્વેદ છે. શરીર, ઈન્દ્રિય અને સત્વ (મન) અને આત્મા ના સંયોગનું નામ આયુ છે. આધુનિક શબ્દોમાં એ જ જીવન છે. પ્રાણ યુક્ત શરીરને જીવિત કહેવાય છે. આયુ અને શરીરનો સંબંધ શાશ્વત છે. આયુર્વેદમાં આ વિષયમાં વિચાર કરાયો છે. ફળસ્વરુપ એ પણ શાશ્વત છે. જે વિદ્યા દ્વારા આયુષ્યને લગતાં સર્વપ્રકારના જ્ઞાતવ્ય તથ્યોંનું જ્ઞાન મળી શકે અથવા જેને અનુસરવાથી દીર્ઘ આયુષ્યની પ્રાપ્તિ થાય એ તંત્રને આયુર્વેદ કહેવાય. આયુર્વેદ એ અથર્વવેદનો ઉપવેદ માનવામા આવે છે.

પ્રાચીન ભારતીય તબીબી વિજ્ઞાનને આયુર્વેદ કહે છે. આય એટલે આયુષ્ય અને વેદ એટલે જ્ઞાન. જે શાસ્ત્રમાં આયુષ્યની જાળવણીનું જ્ઞાન છે તે શાસ્ત્રને આયુર્વેદ- કહે છે. (आयुः अस्मिन् विद्यते स आयुर्वेदः) અથવા જેના દ્વારા આયુની બાબતની જાણકારી પ્રાપ્ત થાય છે, તેને આયુર્વેદ કહે છે. आयुर्विदन्ति अनेन सः आयुर्वेदः।

ભારતમાં આયુર્વેદનો પ્રારંભ ઘણો જ પ્રાચીન છે, એનું મૂળ વેદ છે. ઋગ્વેદના મંત્રોમાં નિર્દિષ્ટ અશ્વિનકુમારો દેવતાઓના વૈદ્યો છે. તેમણે કરેલી ચિકિત્સાના અત્રતત્ર ઉલ્લેખ જોવા મળે છે. એમણે કરેલ શસ્ત્રક્રિયાઓનું વર્ણન પણ ધ્યાન ખેંચે તેવું છે, આ અશ્વિનોએ ચ્યવનઋષિનું વૃદ્ધત્વ દૂર કરીને નવયૌવન પ્રદાન કર્યું હતું. રાજા ખેલની પત્ની વિસ્પલાનો પગ યુદ્ધમાં કપાયો, જેને તેઓએ લોખંડની જંઘાથી જોડી આપ્યો હતો. વળી, અહીં વેદમાં આયુષ્ય-પ્રાપ્તિની અનેક પ્રાર્થનાઓ છે. વિવિધ રોગોનો અને રોગનિવારણના ઉપાયો તરીકેનાં ઔષધોનો નામતઃ સંકેત છે. અથર્વવેદમાં શરીર વિજ્ઞાનને લગતા સિદ્ધાંતોનું વર્ણન છે. વળી, વિવિધ રોગોને દૂર કરવાની ચિકિત્સાનું પણ અહીં વિસ્તારપૂર્વક વર્ણન છે. આથી જ 'આયુર્વેદ અથર્વવેદનો ઉપવેદ છે, એમ પણ મનાય છે.

**इह खलु आयुर्वेदं नमोपाङ्गमथर्व्वेदस्य ।** વેદકાળમાં સાંકેતિક રીતે પ્રારંભ થયેલી આયુર્વેદની આ પરંપરા ઉત્તરોત્તર નિરંતર વિકાસ પામતી રહી છે. આજે તો આયુર્વેદના વર્તમાન સમયમાં ઉપયોગી એવા અનેક સ્વતંત્ર ગ્રંથો ઉપલબ્ધ છે.

આયુર્વેદના આ ગ્રંથોમાં ચરકસંહિતા, સુશ્રુતસંહિતા અને કાશ્યપસંહિતા એ ત્રણ મહત્ત્વના ગ્રંથો છે. અહીં ગ્રંથના આરંભમાં આયુર્વેદશાસ્ત્રના ઉદયની કથા રોચક રીતે વર્ણવાઈ છે. તે અનુસાર આ શાસ્ત્રના પ્રવર્તક સ્વયં બ્રહ્મા છે. તેમની પાસેથી આ જ્ઞાન અશ્વિનકુમારોએ પ્રાપ્ત કર્યું અને એમના દ્વારા ઈન્દ્ર પાસે પહોંચ્યું. ઈન્દ્ર પાસેથી મહર્ષિ ભારદ્વાજ પાસે અને તેમની પાસેથી આખાય ભારતવર્ષમાં પ્રચાર-પ્રસાર પામ્યું છે.બીજા એક મત પ્રમાણે આ આયુર્વેદશાસ્ત્રને ઈન્દ્ર પાસેથી મહર્ષિઓ ધરતી ઉપર લઈ આવ્યા છે. એ પછી ભારદ્વાજ, ધનવંતરિ અને કાશ્યપ એ ત્રણ ઋષિઓ આયુર્વેદની ત્રણ શાખાઓના પ્રવર્તક છે, એમ મનાયું છે. તેમાં ભારદ્વાજ કાયચિકિત્સાના પ્રવર્તક છે અને

એ પરંપરાનો આદિમ ગ્રંથ चरकसंहिता છે.ધન્વંતરી શલ્યચિકિત્સા (સર્જરી) ના પ્રવર્તક છે અને એ પરંપરાનો સર્વોત્તમ ગ્રંથ સુશ્રુતસંહિતા છે. એ પછી જે કાશ્યપ ઋષિ છે, તે બાલચિકિત્સા (कौमारभृत्य) ના પ્રવર્તક આચાર્ય છે. कास्यपसंहिता આ પરંપરાનો શ્રેષ્ઠ ગ્રંથ છે.

આયુર્વેદ અષ્ટાંગ શાસ્ત્ર છે. જેમના આઠ અંગોનો ટૂંકમાં પરિચય.

**(1) શલ્યતંત્ર–**

(આજે જેને સર્જરી તરીકે ઓળખવામાં આવે છે.) વર્તમાન સમયમાં પણ આ પ્રક્રિયા આધુનિક સ્વરૂપે ચિકિત્સા ક્ષેત્રે ઉપયોગમાં લેવાઈ રહી છે. અને સલ્યાદી ક્રિયા વડે દુષિત તત્વોને દુર કરવામાં આવે છે

**(2) શાલાક્ય–**

(શલાકા વડે કરવામાં આવતી ચિકિત્સા આજના ENT સાથે સરખાવી શકાય.) જેમાં નેત્ર રોગ દંત રોગ અને તેના નિવારણ માટે ના ઉપાયો સૂચવવામાં આવ્યા છે.

**(3) કાયચિકિત્સા–**

શરીરની ચિકિત્સા (આજનું General Medicine) કાયચિકત્સા એટલે સંપૂર્ણ શરીર ની ચિકત્સા, જેમાં શરીર ના બધા જ અંગો ની ચિકિત્સા થાય છે. પેટ વગેરે ને લગતા રોગોના નિવારણ માટેના ઉપાયો દર્શાવ્યા છે.

**(4) ભૂતવિદ્યા–**

અમાનવીય અતિમાનવીય તત્ત્વોથી બચાવ ભૂતવિદ્યા અથવા ગ્રહોની ચિકિત્સા એ આયુર્વેદ ચિકિત્સાનો ભાગ છે. તેનો સીધો ઉપયોગ અજ્ઞાત કારણોસર થતાં રોગોના નિદાન માટે થાય છે. તેનો ઉપયોગ મુખ્યત્વે માનવોના માનસિક વિકારને મટાડવા માટે થાય છે.

**(5) બાલચિકિત્સા–**

कौमारभृत्य (આજનું પીડિયાટ્રિક્સ) જેમાં બાળકનાં ઉછેર અને તેના ભરણ પોષણ નું જ્ઞાન તેમજ બાળકો ને લગતા રોગોના નિવારણ અને રોગો ની ચિકિત્સા કરવામાં આવે છે.

**(6) વિષતંત્ર–**

(જુદા જુદા પ્રકારનાં વિષ અને તેનાથી બચાવનું શાસ્ત્ર) અંગ્રેજીમાં Toxicology કહેવાય છે. વિષ ચિકિત્સા ને અંગદતંત્ર, દ્રષ્ટાચિકિત્સા પણ કહેવાય છે. અંગદતંત્ર આયુર્વેદના આઠ અવયવોમાંથી એક છે. તે વિવિધ સ્થાવર જંગમ અને કૃત્રિમ ઝેર અને તેના લક્ષણો અને ઉપચારનું વર્ણન કરે છે.

**(7) રસાયણતંત્ર–**

(રાસાયણિક ઔષધો અને તેના ઉપયોગો.) રસયાનતંત્ર એ આયુર્વેદના આઠ ભાગોનો વિભાગ છે. આધુનિક રસાયણશાસ્ત્રમાં, ઉપચાર મતે ઉપયોગ માં લેવામાં આવતી વિવિધ વનસ્પત્તિઓ અને પ્રતિક્રિયામાં ભાગ લેતા તમામ પદાર્થોને રસાયણો કહેવામાં આવે છે.

**(8) વાજીકરણ–**

(શક્તિપ્રાપ્તિના ઉપાયો માટે આયુર્વેદમાં વાજીકરણ ખૂબ જાણીતું છે, )

**वाजीकरणतंत्रं नाम अल्पदुष्ट क्षीणविशुष्करेतसामाप्यायन**
**प्रसादोपचय जनननिमित्तं प्रहर्षं जननार्थंच। (सु.स. १.८)।**

આયુર્વેદ ચિકિત્સાના ક્ષેત્રમાં, રસાયણ અને વાજીકરણ પદાર્થો નું સમયસર સેવનકરવું ઉપયોગી હોવાનું કહેવામાં આવે છે. તેનું સેવન તંદુરસ્ત અને સામાન્ય સ્થિતિમાં જ કરી શકાય છે, કારણ કે રાસાયણિક ગુણધર્મો, ધરાવનાર પદાર્થો શક્તિ આપે છે, અને વૃદ્ધાવસ્થાના લક્ષણોને દૂર રાખે છે. શરીરની તાકાતની ભરપાઈ કરવા માટે વાજીકરણ યોગ જાતીય શક્તિ અને સહનશક્તિમાં વૃદ્ધિ કરે છે અને નપુંસકતાને દૂર કરે છે.

આ બધાં જ અંગો ઉપર અલગ અલગ આચાર્યોએ સ્વતંત્ર ગ્રંથોની રચના કરેલી છે. અનેક ગ્રંથો આયુર્વેદને

અનુલક્ષીના સમયે સમયે રચાયા છે, જેમાંના કેટલાક ગ્રંથો તથા આચાર્યોનાં નામ અવિસ્મરણીય છે. જેમ કે

**महर्षि चरक –**

મહર્ષિ ચરકના વ્યક્તિગત જીવનને લગતી કોઈ ખાસ માહિતી મળતી નથી. એમના સમયની બાબતમાં પણ અનેક મત–મતાંતર છે. એમ કહેવાય છે કે તેઓ કનિષ્કના રાજવૈધ હતા અને તે ઈ. સ.ની બીજી સદી પહેલાં થઈ ગયા છે.

મહર્ષિ ચરક વિરચિત ગ્રંથનું નામ चरकसंहिता છે. આ મુખ્યત્વે કાયચિકિત્સાનો આકર ગ્રંથ છે. આમાં ચિકિત્સા અંગેનું વિસ્તત વર્ણન છે. ચિકિત્સાના વિષયમાં તો ચરક નામનો ગ્રંથ છે એવી પ્રસિદ્ધ જનોક્તિ છે, કેટલાક વિદ્વાનોના મતે આ ચરકસંહિતા ચિકિત્સાશાસ્ત્ર અને આયુર્વેદ વિજ્ઞાનનો વિશ્વકોશ છે. આમાં આયુર્વેદ શાસ્ત્રનાં મૌલિક તથ્યો તથા સિદ્ધાંતોનું બહુ જ ગંભીરતાપૂર્વક વિવેચન છે.

આ ચરકસંહિતામાં તત્કાલીન ભારતીય જીવનનું પણ વર્ણન છે. માણસોની રહેણીકરણી, વિવાહ, વૈવાહિકજીવન, સંતતિ વગેરે વિષયો ઉપરના વિચારો તથા તે સમયના आतुरालय (હોસ્પિટલ) તથા તેમાં વપરાતાં સાધનોની ચર્ચા છે.

**आचार्य सुश्रुत–**

ચરકની જેમ આચાર્ય સુશ્રતના જીવનને લગતી વ્યક્તિગત બાબતો જાણમાં નથી. પરંતુ સમૃતસંહિતાના રચયિતા તરીકે એમની પ્રસિદ્ધિ છે. આચાર્ય પાણિનિ અને પતંજલિ જેવા વૈયાકરણોના ગ્રંથોમાં પણ सुश्रुत नो ઉલ્લેખ મળે છે. તેથી ઘણા વિદ્વાનો સુશ્રતને પણ ઈ. સ. પૂર્વે સાતમી શતાબ્દી પહેલાંના માને છે.સુશ્રુતસંહિતા પણ આયુર્વેદના મૂળભૂત ગ્રંથોમાંનો એક છે. આ ગ્રંથ પાંચ ભાગોમાં વિભક્ત છે. જેમ કે

1. सुत्रस्थानम्
2. निदानस्थानम्
3 शारीरस्थानम्
4 चिकित्सास्थानम्
5 कल्पस्थानम्

આ પાંચ સ્થાનોમાં મળીને કુલ 120 અધ્યાય છે.'આમાં શલ્યશાસ્ત્ર (શસ્ત્રક્રિયા) નું વર્ણન છે, ઘા (વ્રણ) ના પ્રકારો, તેમાં સડો ન થઈ જાય તે માટેના ઉપાયો, ઘાને રુઝવવાના તથા સીવી લેવાના ઉપાયો, પિત લોહી ચૂસી લેવા માટે જળો જેવા પ્રાણીના ઉપયોગની પ્રક્રિયા વગેરે બાબતોનું ખૂબ જ આકર્ષક આલેખન છે. આ ઉપરાંત આ સુશ્રુતસંહિતામાં શરીરના જુદા જુદા અવયવોનું સૂક્ષ્મતાથી વર્ણન કરેલું છે.

આયુર્વેદસાહિત્યમાં માન્યતા છે તેમ ચરકસંહિતા અને સુશ્રુતસંહિતા બંને એકબીજાના પૂરક ગ્રંથ છે. એક કાયચિકિત્સા બંને ગ્રંથોનો ભારે પ્રભાવ છે. (Medicine) નો તો બીજો શલ્યચિકિત્સા (Surgery) નો ગ્રંથ છે. સમયાંતરે જે અન્ય આયુર્વેદીય ગ્રંથો રચાયા તેમના ઉપર આ આ ઉપરાંત અન્ય આયુર્વેદ શાસ્ત્રીય સાહિત્યમાં નોંધપાત્ર ગ્રંથો આ પ્રમાણે છે.

1.अष्टाङ्गहृदयम् રચયિતા વાભઠ્ઠ છે. તેઓ ઈ. સ.ની પાંચમી છઠ્ઠી શતાબ્દીમાં થઈ ગયા છે.
2.माधवनिदानम् ગ્રંથના કર્તા માધવ છે. તેમની સ્થિતિકાળ ઈ. સ.ની સાતમી શતાબ્દી છે.
3.शाङ्गधरसंहिता ગ્રંથના રચયિતા લાગધર છે. તેઓ ઈ. સ.ની તેરમી સદીમાં થઈ ગયા છે.'
4. भाबप्रकाशनिघन्टु રચયિતા ભાવપ્રકાશ તેઓ ઈ. સ.ની 16મી શતાબ્દીમાં થયા છે.

ગુજરાતમાં આયુર્વેદ શાસ્ત્રના ગ્રંથોનું અધ્યયન–અધ્યાપન તથા સંશોધન–પ્રકાશન થણા પ્રાચીન કાળથી થતું રહ્યું છે. આ પરંપરામાં જેમનું નામ આગળ પડતું છે, તે છે આચાર્ય જાદવજી ત્રિકમજી. તેઓ વિ. સં. 1939માં પોરબંદરમાં જન્મ્યા હતા, તેમના પિતાશ્રી ત્રિકમજી રાજવેધ હતા. તેમની પાસેથી તેઓએ આયુર્વેદના ગ્રંથોનું અધ્યયન કર્યું. એ પછી મુંબઈને તેમણે કર્મક્ષેત્ર બનાવ્યું. અહીં રહીને તેમણે ચિકિત્સા કાર્ય કરવાની સાથે સાથે આયુર્વેદના અનેક

ગ્રંથોનું સંપાદન, સંશોધન અને અનુવાદ કાર્ય કરીને આયુર્વેદના સવાંગીણ વિકાસનો માર્ગ પ્રશસ્ત કર્યો. માધવનિદાન ઉપરની મધુ કોશ નામની વ્યાખ્યાનું સંશોધન, રસહૃદયતંત્ર, નાડીપરીક્ષા, રસપદ્ધતિ જેવા ગ્રંથોનું સંપાદન અને ચરકસંહિતા સુશ્રુતસંહિતા જેવા મૂલ્યવાન ગ્રંથોનું સંશાધન સહ સંપાદન કરીને આયુર્વેદની અધ્યયન અધ્યાપન પરંપરામાં અપુર્વ પ્રદાન કર્યું છે.આયુર્વેદ પ્રાચીન કાળ થી લઈને આધુનિક સમયમાં પણ તેટલોજ ઉપયોગી ગ્રંથ બની રહ્યો છે.આયુર્વેદમાટે ભાવપ્રકાશે કહ્યું છે.

**आयुर्हिताहितं व्याधिर्निदानं शमनं तथा।**
**विद्यते यत्र विद्वद्भिः स आयुर्वेद उच्यते।।**

આયુષ્ય માટે હિતકર શું અને અહિતકર શું ? રોગોનાં કારણ અને ઉપાય શાં ? એ બધું વિદ્‌વાનો જે શાસ્ત્ર દ્‌વારા જાણે છે તેને 'આયુર્વેદ' કહેવામાં આવે છે.આયુર્વેદ માં કહેવાયું છે.

**समदोषः समाग्निश्च समधातु-मल-क्रियः।**
**प्रसन्नात्मेन्द्रियमनाः स्वस्थ इत्यभिधीयते।।**

જે માણસના ત્રણે દોષ (વાત, પિત્ત, કફ) ; તેર અગ્નિ (જઠરાગ્નિ, પંચભૂતાગ્નિ, સાત ધાત્વગ્નિ) ; સાત ધાતુઓ (રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા, શુક્ર) અને મળ (પુરીષ, મૂત્ર સ્વેદ વગેરે), ક્રિયાઓ સમ હોય તેમજ આત્મા, (દશેય) ઈન્દ્રિયો અને મન પ્રસન્ન હોય તેને જ સ્વસ્થ કહી શકાય.